07 નવેમ્બર 2023

# સિટી ઓફ બ્રૅમ્પટને 2024 બજેટ (અંદાજપત્ર)ની પ્રક્રિયાનો શુભારંભ કર્યો

*બ્રૅમ્પટનના રહીશો અને વ્યવસાયોને પોતાના અભિપ્રાયો દર્શાવવા આમંત્રણ પાઠવવામાં આવે છે*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો – સિટી ઓફ બ્રૅમ્પટનના સહુ પ્રથમ મેયરના બજેટના ભાગરૂપે, રહીશો અને વ્યવસાયોને પોતાના અભિપ્રાયો દર્શાવવા આમંત્રણ પાઠવવામાં આવે છે જેથી સુનિશ્ચિત કરી શકાય કે જીવવા, વિકાસ કરવા અને રોકાણ કરવા માટે આપણું શહેર શ્રેષ્ઠ બની રહે. બ્રૅમ્પટનના 2024 બજેટને આકાર આપવા માટે સમુદાયના અભિપ્રાયો મેળવવા તે અત્યંત મહત્ત્વનું પગલું છે.

2024 બજેટ પ્રક્રિયા માટે, મેયર પેટ્રિક બ્રાઉન, કાઉન્સિલરો અને સ્ટાફ દ્વારા પ્રવૃત્ત કરવા માટેની જાહેર તકોની શ્રેણીનું આયોજન કરવામાં આવશે જેથી બ્રૅમ્પટનના રહીશો, વ્યવસાયો, સમુદાયના જૂથો અને સ્થાનિક હિસ્સાધારકો માટે શું અગત્યતા ધરાવે છે તેવી બાબતોને વધુ સારી રીતે સમજી શકાય.

**પોતાના અભિપ્રાયો દર્શાવવાની તારીખો નોંધી રાખો**

*બ્રૅમ્પટન બિઝનેસ વર્ચ્યુઅલ રાઉન્ડટેબલ*

મંગળવાર, 21 નવેમ્બર 2023
સવારે 09:30

રજીસ્ટર કરાવવા માટે, અહીં ક્લિક કરવા વિનંતી.

*ટેલિફોન ટાઉન હૉલ*

મેયર પેટ્રિક બ્રાઉન (Mayor Patrick Brown) અને સિટીના સ્ટાફ ટેલિફોન ટાઉન હૉલનું આયોજન કરશે જેથી રહીશોને સમુદાયની અગ્રિમતાઓ શેર કરવાની તકનો લાભ મળે, પ્રશ્નો પૂછી શકે અને બ્રૅમ્પટનનું 2024 બજેટ તૈયાર થઈ રહ્યું છે ત્યારે પોતાના સૂચનો આપી શકે.

21 નવેમ્બર 2023

સાંજે 7- 8:30

કૉલ મેળવવા માટે સાઇન અપ કરવા અને સાંભળવા માટે, અહીં ક્લિક કરવા વિનંતી.

રહીશો અહીં ઓનલાઇન પણ સાંભળી શકશે.

*વૉર્ડ કોફી ચૅટ્સ*

ડ્રોપ-ઇન સ્ટાઇલ કોફી ચૅટ માટે મેયર તથા તમારા વિસ્તારના સ્થાનિક કાઉન્સિલરો સાથે જોડાઓ. રહીશોને પોતાના સૂચનો, ઉકેલો અને સમુદાયની અગ્રિમતાઓ શેર કરવાની તક સાંપડશે.

**22 નવેમ્બર 2023**

રિજનલ કાઉન્સિલરો માઇકલ પલેશી અને નવજીત કૌર બ્રાર વૉર્ડ 2 અને 6 નું પ્રતિનિધિત્વ કરશે
સમય: સાંજે 7 થી 8:30
સ્થળ: ગ્રેસ કેનેડિયન રિફોર્મ ચર્ચ, 10301 ક્રેડિટવ્યુ રોડ, બ્રૅમ્પટન ઓન્ટારિયો ખાતેનો ફેલોશીપ હૉલ

સોમવાર, **27 નવેમ્બર 2023**

રિજનલ કાઉન્સિલરો પૉલ વિસેન્ટ અને રોવેના સાન્તોસ વૉર્ડ 1 અને 5 નું પ્રતિનિધિત્વ કરશે
સમય: સાંજે 5 થી 8:30
સ્થાન: Fan "D" Flame Restaurant, 30 Gillingham Drive, Unit 503, Brampton ON

રિજનલ કાઉન્સિલરો માર્ટિન મેડિરોસ (Martin Medeiros) અને ડેનિસ કીનન વૉર્ડ 3 અને 4 નું પ્રતિનિધિત્વ કરશે
સમય: સાંજે 7- 8:30
સ્થાન: Chatime, 150 West Drive, Unit 101A, Brampton ON

**28 નવેમ્બર 2023**

રિજનલ કાઉન્સિલર પૅટ ફોર્ટિની અને સિટી કાઉન્સિલર રૉડ પાવર વૉર્ડ 7 અને 8 નું પ્રતિનિધિત્વ કરશે.
સમય: સાંજે 3 થી 8:30
સ્થાન: મોલિસાના બેકરી (Molisana Bakery), 2 Philosophers Trail, Brampton ON

રિજનલ કાઉન્સિલર ગુરપરતાપસિંઘ તૂર અને ડેપ્યુટી મેયર અને સિટી કાઉન્સિલર હરકિરત સિંઘ વૉર્ડ 9 અને 10 નું પ્રતિનિધિત્વ કરશે.
સમય: સાંજે 7 થી 8:30
સ્થાન: માય ટી બાર (My Tea Bar), 10960 Goreway Drive, Unit A1, Brampton ON

**બ્રૅમ્પટન બજેટ વિકાસ પ્રક્રિયા વિષયક**

સિટીની બજેટ પ્રક્રિયા તેમના સંસર્ગ અને પ્રવૃત્તતાના પ્રયાસોના માધ્યમથી બ્રૅમ્પટનના નાગરિકોને પ્રવૃત્ત કરે છે, જાણકારી આપે છે અને પ્રશિક્ષિત કરે છે જેમાં સામેલ છે ટેલિફોન ટાઉન હૉલ્સ, કોફી ચૅટ્સ, જાહેરખબરો, સમાચારો, સોશ્યલ મિડિયા અને સિટીની બજેટ વેબસાઈટ.

મેયર પેટ્રિક બ્રાઉન દ્વારા બજેટ રજૂ કરવામાં આવશે એટલે પ્રસ્તાવિત બજેટ સિટીની વેબસાઈટ પર બુધવાર, 29 નવેમ્બર 2023ના રોજ પોસ્ટ કરવામાં આવશે.

જાહેર પ્રતિનિધિમંડળો અને કાઉન્સિલની ચર્ચાઓ મંગળવાર, 5 ડિસેમ્બરથી શરૂ થશે, જેમાં 13 ડિસેમ્બર, 2023 ના રોજ અંતિમ બજેટ મંજૂરીની યોજના છે.

*મ્યુનિસિપલ એક્ટ, 2001*, શહેરના બજેટ અંગેની સત્તાઓ અને ફરજોની રૂપરેખા આપે છે, જે હવે મેયરને રજૂ કરવામાં આવે છે. કાયદો જણાવે છે કે "કાઉન્સિલના વડા, નિયમો અનુસાર,સિટી માટે બજેટ પ્રસ્તાવ તૈયાર કરશે અને સિટી કાઉન્સિલની વિચારણા માટે સિટી કાઉન્સિલને પ્રસ્તાવિત બજેટ પૂરું પાડશે."

જેવું મેયર પ્રસ્તાવિત બજેટ કાઉન્સિલ સમક્ષ રજૂ કરે ત્યાર બાદ કાઉન્સિલ માટે બજેટ પર વિચાર કરવા માટે 30 દિવસનો સમયગાળો શરૂ થાય છે, જે દરમિયાન કાઉન્સિલ મેયરના બજેટમાં સુધારો કરવા માટે ઠરાવો પસાર કરી શકે છે. કાઉન્સિલ 30 દિવસના સમયગાળામાં ઠરાવ દ્વારા ઘટાડો પણ કરી શકે છે. 30-દિવસની (અથવા ટૂંકાવેલ) સમયગાળો સમાપ્ત થયા પછી, બજેટને સ્વીકાર્ય હોવાનું ગણવામાં આવે છે (જો બજેટમાં સુધારો કરવા માટે કોઈ કાઉન્સિલના ઠરાવો પસાર કરવામાં આવ્યા ન હોય તો).

જો બજેટમાં સુધારો કરવા માટે કાઉન્સિલનો ઠરાવ પસાર કરવામાં આવે, તો મેયર પાસે બજેટમાં સુધારો કરતા કાઉન્સિલના ઠરાવના વીટો (નિર્ણાયક મત આપવા) પર વિચાર કરવા માટે 10-દિવસનો સમયગાળો હોય છે. બજેટમાં સુધારો કરતા કાઉન્સિલના ઠરાવને વીટો (નિર્ણાયક મત) આપવાના મેયર દ્વારા લેવાયેલા કોઈ પણ નિર્ણયને કારણે કાઉન્સિલના તમામ સભ્યોના બે તૃતીયાંશ સભ્યોના મત દ્વારા મેયરના વીટોના નિર્ણયને રદ કરવાની વિચારણા કરવા કાઉન્સિલ માટે 15 દિવસની મુદત લાગુ પડશે.

સીટી ઓફ બ્રૅમ્પટન કોર્પોરેટ વ્યુહાત્મક યોજના

આ વર્ષનું બજેટસીટી ઓફ બ્રૅમ્પટન કોર્પોરેટ વ્યુહાત્મક યોજના 2022-2026નું સમર્થન કરે છે, જે છ ફોકસ ક્ષેત્રોને અગ્રિમતા આપે છે:

- વૃદ્ધિ પામતા શહેરી કેન્દ્રો અને પાડોશ,
- સંસ્કૃતિ અને વૈવિધ્ય
- અરોગ્ય અને સુખાકારી,
- પર્યાવરણીય સ્થિતિસ્થાપકતા અને ટકાઉપણું
- ટ્રાન્ઝિટ અને જોડાણ ક્ષમતા, તથા
- સરકાર અને નેતૃત્વ

વ્યુહાત્મક યોજના, જે આ વર્ષના અંતિમ ભાગમાં જાહેર કરવામાં આવશે તે સિટીના બજેટ, માસ્ટર પ્લાન્સ, પરિયોજનાઓ, સેવાઓ અને સંસાધનો માટેનો સંદર્ભ સુયોજીત કરે છે.

**વધારાના સંસાધનો**

સિટી ઓફ બ્રૅમ્પટનના 2024 બજેટ વિશે વધુ માહિતી માટે www.brampton.ca/budget.

સિટી કાઉન્સિલ સભામાં રજૂઆત કરવા વિશે વધુ જાણકારી માટે અહીં મુલાકાત લો સિટી ઓફ બ્રૅમ્પટન | કાઉન્સિલ અને સમિતિઓ | જાહેર સભાઓમાં હાજરી આપવી, ભાગ લેવો અથવા સમિતિમાં જોડાવા માટે.

મિડિયા સંપર્ક (MEDIA CONTACT):
સિટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca